

ગાંધીનગરાઓમાં ટ્રાફિક વિશે જાગૃતિ આવે તે હેતુસર અવારનવાર કાર્યક્રમો યોજાય છે. છતાંય સ્થાનિકો નિયમોનું ઉલ્લંઘન કરે છે. ગઈકાલે ઘ-૦ પાસે ટ્રાફિક પોલીસ દ્વારા રાહદારીઓને હેલ્મેટ વિના, લાયસન્સ વિના, સીટ બેલ્ટ બાંધ્યા વિના જતાં ચાલકોને સ્થળ પર જ દંડ ફટકાર્યો હતો. જોવાનું એ છે કે ક્યારે વ્યક્તિ પોતે સ્વેચ્છાએ નિયમનું પાલન પોતાના માટે કરશે ? (તસવીર : કશ્યપ નિમાવત)

# છાલા ગામે ફોઈને ઘરે જવાનું કહીને યુવાન ક્યાંક ચાલ્યો ગયો

## યુવાન છાલા ગામમાં ખાનગી ટ્યુશન લેતો હતો

ચિલોડા, તા. ૭

ગાંધીનગર તાલુકાના પૂર્વ વિસ્તારમાં હમણાં હમણાં યુવાન યુવતી ગુમ થવાના કિસ્સા વધુ બનવા પામ્યા છે.

જેમાં છાલા ગામેથી ૨૨ વર્ષીય યુવાન ફોઈના ઘરે જવાનું કહીને ક્યાંક જતાં રહેતાં પરત ન ફરતા પરિવારજનોમાં ચિંતા પ્રવર્તી રહી છે. આ અંગે મળતી માહિતી મુજબ છાલા ગામેથી ૨૨ વર્ષીય યુવાન નામે રોહિતકુમાર પરબતસિંહ ઝાલા તા. ૫મી ડિસેમ્બરે ૧ વાગ્યાના કલાકેથી હિંમતનગર તાલુકાના ગામ નવા રહેતા યુવાનના ફોઈ નામે લીલાબેનને ત્યાં ઘરે જવાનું કહીને નીકળ્યા હતા. ત્યારબાદ પરત આવતા યુવાનના પિતા પરબતસિંહ કેશરીસિંહે ચિલોડા પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ અરજી આપી છે. યુવાન રોહિતકુમારે દોઢ વર્ષ પહેલા અનોડિયા ગામે લગ્ન કર્યા હતા તેમના પરિવારમાં કોઈ સંતાન નથી તેમની પત્ની હાલ છાલા ગામે રહે છે ત્યારે તેમની માતા કૈલાશબેનને કહીને ક્યાંક ચાલ્યા ગયા છે. યુવાન રોહિતકુમાર શરીરે મધ્યમ બાંધાના, રંગે ઘઉંવર્ણા, માથું લંબગોળ, ઊંચાઈ ૫.૭ ફૂટ અને બ્લ્યુ કલરનું આખી બાંયનું શર્ટ અને કાળા કલરનું પેન્ટ પહેરેલ છે. આ અંગે પિતાએ ફરિયાદ આપતાં એ.એ.આઈ. હીરાજી ખાંટ તપાસ ચલાવી રહ્યા છે.



મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતીય સશસ્ત્ર સેના ધ્વજ દિવસ નિમિત્તે સૈનિક કલ્યાણ નિધિમાં આજે પોતાનો વ્યકિતગત ફાળો અર્પણ કરીને સુરક્ષાદળોની રાષ્ટ્રીય સુરક્ષા અને દેશભકિતની સમર્પણ ભાવનાનો ઋણ સ્વીકાર કર્યો હતો. આ પ્રસંગે રાજ્ય સૈનિક બોર્ડના પદાધિકારીશ્રીઓ, તથા નગરની શાળાના વિદ્યાર્થીઓ-એન.સી.સી. કેડેટ્સને પણ મુખ્યમંત્રીશ્રીએ ધ્વજ દિન ફાળો અર્પણ કર્યો હતો.



# જેસીઆઈ પરિવારનું સ્નેહમિલન

## વર્ષ દરમ્યાનની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમના લેખાંજોખાં સાથે નવાં કાર્યક્રમની રૂપરેખા ઘડાઈ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જેસીઆઈ ચેપ્ટરે હોટેલ મિડલ ટાઉનમાં એમના પરિવારના સભ્યો માટેનું સ્નેહમિલન યોજ્યું હતું. સમગ્ર વર્ષ દરમ્યાન યોજાયેલી પ્રવૃત્તિઓ અને કાર્યક્રમનાં લેખોજોખાં થયાં હતાં. ૭૫ થી વધુ સભ્યોની હાજરીમા તેઓએ એમનાં અનુભવ અને લાગણી વ્યક્ત કરી હતી.

ગાંધીનગર જેસીઆઈ શહેરની સામાજીક પ્રવૃત્તિઓમાં એમનો સક્રિય ફાળો આપી રહ્યું છે અને એ સાથે જ એમના પોતાનાં સર્વાંગી વિકાસ અને હકારાત્મક અભિગમ અને નેતૃત્વનાં ગુણો વિકસ્યાં છે. એવું સૌએ સ્વિકાર્યું.

સ્નેહમિલનનું રંગારંગ આયોજન સાત્વિક ત્રિવેદી અને કેતન ભાવસારે કર્યું હતું. મ્યુઝિક તંબોલા, મ્યુઝિક મસ્તી અને અવનવી રમતોએ પરિવારો એકબીજાથી વધુ નજીક આવ્યા હતા. આ પ્રસંગે ખાસ પધારેલા ઝોન પ્રેસિડેન્ટ જુગલ આવચરીયાએ વર્ષ ૨૦૧૪ માટેના પ્રમુખ સાત્વિક ત્રિવેદી અને મંત્રી કેતન ભાવસારનાં નામની જાહેરાત કરી જેને સૌએ હર્ષોલ્લાસથી વધાવી લીધી. કેતન નિર્મલને ઝોન ડાયરેક્ટર ટ્રેનીંગ તરીકે ઘોષીત કરાયા.

આવનારા વર્ષોમાં નિયમીત કાર્યક્રમો સાથે પ્રત્યેક ત્રણ મહિને એક મોટી ઈવેન્ટ યોજાશે એવી જાહેરાત કરાઈ.

# મોદી આજે દિલ્હી જશે : દેશમાં ચૂંટણી પ્રચાર ભ્રમણનો કાર્યક્રમ ઘડી કઢાશે

ગાંધીનગર, તા. ૭

પાંચ રાજ્યોની ચૂંટણીના આવતીકાલે પરીણામો જાહેર થયા બાદ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સમગ્ર દેશમાં ઝંઝાવતી ચૂંટણી પ્રચાર ઝુંબેશ હાથ ધરશે. દિલ્હી ખાતે આવતીકાલે મળનારી ભાજપની રાષ્ટ્રીય પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં હાજરી આપવા મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે દિલ્હી જશે.

તાજેતરમાં જ પાંચ રાજ્યોની યોજાયેલી વિધાનસભા ચૂંટણીના પરિણામો પણ જાહેર થનાર છે. તેની સાથે ભાજપાનું કમળ ખીલશે કે કોંગ્રેસનો પંજો ફરશે તેનો ખ્યાલ આવશે. આ પરિણામો પરથી આગામી લોકસભા ચૂંટણીમાં કોનો ગજ વાગશે તે પણ નક્કી થઈ જશે.

એક્ઝીટ પોલ અનુસાર ત્રણ રાજ્યોમાં ભાજપ વિજય મેળવીને સત્તા મેળવશે તેવું કહેવાય છે જો કે આવતીકાલે પરીણામો જાહેર થયા બાદ જ ખ્યાલ આવશે કે કોણ ક્યાં સત્તા મેળવશે. જો ચૂંટણી પરિણામોમાં ભાજપનો ભવ્ય વિજય થશે તો આ વિજયનો લાભ ભાજપ આગામી લોકસભા ચૂંટણીમાં ઉઠાવશે. અને તેમાં પણ ભાજપના સ્ટાર પ્રચારક અને વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી આ પરિણામો બાદ ૪૫ દિવસ દેશના વિવિધ રાજ્યોમાં ઝંઝાવતી ચૂંટણી પ્રચાર શરૂ કરશે અને વિધાનસભા ચૂંટણીના વિજયનો ફાયદો ઉઠાવી સમગ્ર દેશમાં ભાજપ તરફી લહેર ઉભી કરવા માટેના પ્રયાસો કરાશે.

# ખ-૦ નજીક ચાલુ કારે સ્ટેરીંગ લોક થતા અકસ્માત : બે ને ઈજાઓ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર અડાલજ માર્ગ પર ખ-૦ ચોકડી પાસે સવારે એક વિચિત્ર અકસ્માતનો કિસ્સો બનવા પામ્યો હતો અને ગાંધીનગરના ઈતિહાસમાં કદાચ પ્રથમ ઘટના બની હશે.

સરગાસણ ગામ નજીક ઘ-૦ ચોકડી પાસેથી પસાર થતી એક સેન્ટ્રો કારનું અચાનક સ્ટેરીંગ લોક અને સેન્ટ્રલ લોક થઈ જતા ચાલક મુશ્કેલીમાં મુકાઈ ગયો હતો અને પાસેથી પસાર થતા બાઈકને જોરદાર ટક્કર મારતા ગંભીર અકસ્માત થયો હતો. જેમાં બે બાઈક સવારોને ઈજાઓ થવા પામી હતી.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી વિગતો અનુસાર ગાંધીનગર શહેરમાં આવેલ સેક્ટર-૪-બી પ્લોટ નં. ૧૧૬૭ ખાતે ધવલ શાંતિલાલ પ્રજાપતિ પોતાના પરિવાર સાથે રહે છે. અને આજે સવારે પોતાની પત્ની નિશાબેન પ્રજાપતિની સાથે પોતાની માલિકીની સેન્ટ્રો કાર નં. જીજે-૧કે.સી. ૧૯૦લઈ અમદાવાદ કામ અર્થે જવા નિકળ્યા હતા અને સરગાસણ ગામ નજીક ખ-૦ ચોકડી પાસે પહોંચતા જ ચાલુ કારે અચાનક કારનું સ્ટેરીંગ લોક અને સેન્ટ્રલ લોક થઈ ગયુ હતું. આથી દંપતિ ભારે મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. શું થઈ રહ્યું છે તે સમજે તે પહેલા જ કાર પાસેથી પસાર થતા બાઈક સાથે ધડાકેભેર અથડાઈ હતી અને બાઈક સવાર બન્ને વ્યક્તિને માર્ગ પરથી દૂર ફંગોળી નાખ્યા હતા. જેમાં બાઈકચાલક પ્રવિણભાઈ પટેલ (ઉ.વ. ૫૦ રહે. ૪-એ પ્લોટ નં. ૧૦૫૨/૨) અને નિરૂભા શિવુભા વાઘેલા (રહે. સોમનાથ સોસાયટી બ્લોક નં. ૪૨ ખ-રોડ સરગાસણ)ને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ થવા પામી હતી. આથી ૧૦૮ મારફતે ગાંધીનગર સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં નિરૂભા વાઘેલાને વધુ ઈજાઓ જણાતા અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સેક્ટર-૭ પોલીસે આ મામલે કાર ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગાંધીનગર કલેક્ટરના અધ્યક્ષસ્થાને રન ફોર યુનિટી કાર્યક્રમના આયોજન માટે બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લા કલેક્ટર શ્રી પી. સ્વરૂપના અધ્યક્ષસ્થાને આજરોજ કલેક્ટર કચેરી ખાતે તા. ૧૫/૧૨/૨૦૧૩ ના રોજ યોજાનાર રન ફોર યુનિટી કાર્યક્રમના આયોજન અંગે જિલ્લાના અધિકારીઓની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા કલેક્ટર શ્રી પી. સ્વરૂપે રન ફોર યુનિટી કાર્યક્રમ અંતર્ગત થયેલ કામગીરી - રજીસ્ટ્રેશનની સમીક્ષા કરી જિલ્લામાં આ કાર્યક્રમમાં ખૂબ મોટી સંખ્યામાં લોકો ઉત્સાહથી જોડાય તે માટે આયોજન કરવા ખાસ જણાવ્યું હતું.



ઉલ્લેખનીય છે કે, તા. ૧૫/૧૨/૨૦૧૩ ના રોજ યોજાનાર રન ફોર યુનિટી કાર્યક્રમમાં વિવિધ સ્વૈચ્છિક - સામાજીક સંસ્થાઓ, એસોસિએશનો, સહકારી મંડળીઓ, દૂધ મંડળીઓ, ખેડૂત મંડળો, સ્વામી વિવેકાનંદ મંડળો, આંગણવાડી કાર્યકર - તેડાગર બહેનો, વસાહત મંડળના સભ્યો, પેન્શનર્સ સમાજના સભ્યો, સીઆરપીએફ, બીએસએફના જવાનો, શાળા-કોલેજો- શૈક્ષણિક સંસ્થાના વિદ્યાર્થીઓ - વાલીઓ અને શિક્ષકો, સ્કૂલ મેનેજમેન્ટ કમિટીના સભ્યો, વેપારી મંડળો વગેરે તરફથી ખૂબ ઉમળકાભેર -તિભાવ સાથે રજિસ્ટ્રેશન કરવામાં આવી રહ્યું છે.

ગાંધીનગર શહેર, પેથાપુર નગરપાલિકા વિસ્તાર અને આસપાસના ગામોમાં સ્વૈચ્છિક રીતે આ કાર્યક્રમમાં જોડાવા ઓનલાઈન તેમજ ફોર્મ ભરીને રજિસ્ટ્રેશન કરવામાં આવી રહ્યું છે. સાથે જ, માણસા, દહેગામ, અને કલોલ તાલુકાઓમાં પણ અગ્રણીઓ, પદાધિકારીઓ, નગરજનો મોટી સંખ્યામાં રજિસ્ટ્રેશન કરાવી જોડાઈ રહ્યા છે.

જિલ્લા કલેકટરશ્રીએ રન ફોર યુનિટી કાર્યક્રમ અંતર્ગત પીવાના પાણીની વ્યવસ્થા, ફર્સ્ટ એઈડ - આરોગ્ય વ્યવસ્થા, પાર્કિંગ વ્યવસ્થા, રૂટ સંલગ્ન અન્ય જરૂરી બાબતો વગેરેની ચર્ચા કરી સુચારુ આયોજન ગોઠવવા સબંધિત અધિકારીઓને સૂચના આપી હતી.

## મતદાન મથકો બનશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

૨૨૪, માણસામાં ૨૨૯ અને કલોલમાં ૨૦૪ મતદાન મથકો પર મતદાન યોજાશે. ગાંધીનગર જિલ્લામાં પાંચ વિધાનસભા મત વિસ્તારો ૩ સંસદીય મત વિસ્તારમાં આવે છે. જેમાં ગાંધીનગર, અમદાવાદ પૂર્વ અને મહેસાણા સંસદીય મત વિસ્તાર છે.

ગાંધીનગર જિલ્લામાં લોકસભાની ચૂંટણી માટે રોકાનાર ચૂંટણી સ્ટાફની ડેટા એન્ટ્રી પણ તંત્ર દ્વારા તૈયાર કરી દેવામાં આવી છે. કુલ ૯૩૧૦ કર્મચારીઓને ચૂંટણીની ફરજ માટે પસંદ કરવામાં આવ્યા છે. જેમાં ૫૭૨૨ પુરૂષ કર્મચારીઓ અને ૩૫૮૮ મહિલા કર્મચારીઓનો સમાવેશ થાય છે.

જિલ્લામાં લોકસભાની ચૂંટણી અંગેની તૈયારીઓમાં તંત્ર પરોવાઈ ચુક્યુ છે. મતદાન માટે ઉપયોગમાં લેવાનાર ઈ.વી.એમ.ની પ્રાથમિક ચકાસણી પણ સંપન્ન કરી દેવામાં આવી છે.

## કંપની સમાચાર

### દ્વિ-અંકી વૃદ્ધિ હાંસલ કરવા સૌથી મોટા રીયલ એસ્ટેટ પ્રદર્શનની જાહેરાત

કન્ફેડરેશન ઓફ રિયલ એસ્ટેટ ડેવલપર્સ એસોસિએશન ઑફ ઈન્ડિયા (ક્રેડાઈ)એ ઉદ્યોગની સર્વોચ્ચ સંસ્થા તરીકે આજે અમદાવાદમાં તેના પ્રાદેશિક અમદાવાદ ચેપ્ટરનું આયોજન કર્યું હતું. ક્રેડાઈ નેશનલ વાઈસ પ્રેસિડેન્ટશ્રી જક્ષય શાહ અને ક્રેડાઈ ગુજરાતના ચેરમેનશ્રી સુરેશ પટેલે આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે ક્રેડાઈ કોન્કલેવ ૨૦૧૩ અંગે ચર્ચા કરી હતી.

ઉદ્યોગની ટોચની સંસ્થા તરીકે ધ કન્ફેડરેશન ઓફ રિયલ એસ્ટેટ ડેવલપર્સ એસોસિએશન્સ ઓફ ઈન્ડિયા (ક્રેડાઈ)નો આશય ભારતના ૨૦ રાજ્યોના ૧૩૭ સિટી ચેપ્ટર્સમાંથી ૯૦૦૦થી વધુ રિયલ એસ્ટેટ ડેવલપર્સને એક જ છત હેઠળ લાવવાનો છે. તેના સભ્યો, સંલગ્ન ઉદ્યોગોના પ્રતિનિધિઓ નવી દિલ્હીમાં નવી લોન્ચ થયેલી જેડબલ્યુ મેરિયટમાં ૧૩-૧૪મી ડિસેમ્બરે નેશનલ કોન્કલેવ ૨૦૧૩માં ભારતના વિવિધ બજારોને સમજી શકે તે માટે એક મંચ ઊભું કરવાનો તેનો વારસો તે જાળવી રાખશે. વર્ષોથી ક્રેડાઈએ હાઉસિંગ સેકટરની કાર્યક્ષમતા વધારવા વિવિધ પહેલ હાથ ધરી છે અને તેને અનુસાર કોન્કલેવ્સ માટેની થીમ પસંદ કરી છે.

ક્રેડાઈ નેશનલ વાઈસ પ્રેસિડેન્ટશ્રી જક્ષય શાહે જણાવ્યું હતું કે, 'આજે રીયલ એસ્ટેટ સેકટર આપણા અર્થતંત્રમાં કુલ જીડીપીમાં ૬.૩. ટકાના યોગદાન સાથે આર્થિક પ્રવૃત્તિનું સર્જન કરતું સૌથી મોટું સેકટર છે. આજે તેના વૃદ્ધિદરને ડબલ ડિજિટલ સુધી પહોંચાડવા ક્રેડાઈએ ઉદ્યોગ માટે રાષ્ટ્રવ્યાપી સમુહ સર્જવાના તેના પ્રયત્નો પર ધ્યાન કેન્દ્રીત કર્યું છે. નવી દિલ્હીમાં ૧૩-૧૪મી ડિસેમ્બરે આયોજિત ક્રેડાઈ કોન્કલેવ ૨૦૧૩ ઉદ્યોગના ખેલાડીઓ, મંત્રાલય તથા સરકારી સંસ્થાઓના આમંત્રિત મહેમાનો માટે મોટા પાયે એક મંચ ઊભું કરશે.'

## શબ્દાવલી - ૫૨૫૦

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ૪ | ■ | ૫ |
| ૬ | | ■ | ૭ | ૮ | | | |
| | ■ | ૯ | | | ■ | ■ | |
| | ■ | ૧૦ | | ■ | ૧૧ | ૧૨ | |
| ■ | ૧૩ | | ■ | ૧૪ | | | ■ |
| ૧૫ | | ■ | ૧૬ | | | | ■ |
| ૧૭ | | ૧૮ | ■ | ■ | | ■ | ૧૯ |
| ૨૦ | | | | ■ | | ■ | |

### આડી ચાવી

૧. ગડીબંધ, વાપર્યા વિનાનું (૪)
૬. કૂવાવાળું ખેતર (૨)
૭. વૈભવ, દબદબો (૫)
૯. મિલાપ, એક ફિલ્મ (૩)
૧૦. અનેરો (૨)
૧૧. સહનશક્તિ, ધીરજ (૩)
૧૩. મહિનો (૨)
૧૪. કહાની (૩)
૧૫. હાલરડા (૨)
૧૬. પરિચય (૪)
૧૭. હેરત, આશ્ચર્ય (૩)
૨૦. આવહ્ન (૪)

### ઊભી ચાવી

૧. બિન વપરાશી (૪)
૨. રીંગ, શ્રૃંખળા (૨)
૩. ફજેતી, નિંદા (૪)
૪. ફુવારો (૨)
૫. શક્કરવાર (૪)
૮. હ્વન (૨)
૯. ભગવોવેશ ધારણ કરવો (૩)
૧૧. તુલના, મુકાબલો (૫)
૧૩. ધનવાન (૪)
૧૪. કેશ, મોવાળો (૨)
૧૫. બોલાવવા પાડેલ મોટી બૂમ (૩)
૧૮. 'કાલ' શબ્દ ઊંધો (૨)
૧૯. કાકાને હિન્દીમાં.... કહેવાય (૨)

### શબ્દાવલી ૫૨૪૯ના જવાબ

**આડી ચાવી :-** (૧) અંગરક્ષક (૪) મત (૬) બરી (૭) અલ્લડ (૮) રમા (૯) યાહોમ (૧૧) વાંચનાલય (૧૩) ગીધ (૧૫) નાર (૧૬) તીખા (૧૭) રજાઇ (૧૯) તમામ (૨૧) લાડુ (૨૩) રખાત (૨૫) જલદી (૨૬) નુર

**ઊભી ચાવી :-** (૧) અંબર (૨) ગરીમા (૩) ક્ષમાયાચના (૪) મલ્લ (૫) તડકો (૭) અમલ (૧૦) હોનારત (૧૨) યતીમખાનુ (૧૩) ગીરનાર (૧૪) ધજા (૧૮) ઇલાજ (૨૦) માર (૨૨) ડુલ (૨૪) તર

## ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લી., ગાંધીનગર

### ટેન્ડર નોટીસ નં. ૮ સને ૨૦૧૩-૧૪

સીનીયર મેનેજરશ્રી, ગુજરાત વૉટર ઈન્ફ્રાસ્ટ્રકચર લી., જલસેવા ભવન, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર (ગુજરાત) દ્વારા પાઈપલાઈન પ્રોજેક્ટના જુદા જુદા કામો હાથ ધરવા માટે ઓન-લાઈન ટેન્ડર (ઈ-ટેન્ડરીંગ) માંગવામાં આવે છે. આ ટેન્ડર ગુજરાત રાજ્યમાં માર્ગ અને મકાન વિભાગ / જળસંપત્તિ વિભાગમાં 'એએ' ક્લાસમાં અને સેન્ટ્રલ પીડબલ્યુડી/ એમઈએસ/રેલ્વે / અન્ય રાજ્યમાં 'એએ' ક્લાસની સમકક્ષ રજીસ્ટર્ડ થયેલ ઈજારદાર તેમજ GWIL દ્વારા યોગ્ય ક્લાસમાં પ્રિ-રજીસ્ટર્ડ થયેલ ઈજારદારો પાસેથી માંગવામાં આવે છે. કામની વિગત નીચે મુજબ છે.

| Sr. No. | Namre of Work | Min requirement A) Class of Registration. B) Tender Fee C) EMD/Solvency |
|---|---|---|
| 1. | Providing, Lowering, Laying, Jointing of pipes, Desiging, Construction & Commissioning of M.S. pipelines works having different diameter with all allied works including post completion O & M for ten (10) years for B-network (Budhel to Kadiyali) and D-network (Vadod reservoir to Ranavav) in Saurashtra region of Gujarat State. Total no. of package-12 nos. Total Cost of the works of 12 packages are Rs. 3465.32 crore.<br>Tender ID No. 131504 to 131507, 131509 to 131510, 131512 to 131517 | (A) AA Class / Pre registered in appropriate class with GWIL<br>(B) Rs. 50,000 for Each package<br>(C) As per Bid document of each work. |

ડાઉનલોડીંગ/અપલોડીંગ GWILની વેબસાઈટ www.gwil.nprocure.comમાં તા. ૭/૧૨/૨૦૧૩ થી તા. ૬/૧/૨૦૧૪, ૧૮.૦૦ કલાક સુધી કરી શકાશે. ટેન્ડર ડોક્યુમેન્ટ ઓનલાઈન તા.૧૧/૧/૨૦૧૪, ૧૨.૦૦ કલાકે ખોલવામાં આવશે. પ્રિ-બીડ કોન્ફરન્સ તા. ૧૮/૧૨/૨૦૧૩, ૧૨.૦૦ કલાકે, ચીફ જનરલ મેનેજર (પ્રો), GWIL, જલસેવા ભવન, એરફોર્સની સામે, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર (ગુજરાત) રાખવામાં આવશે. ટેન્ડર ફી માટે ડીમાન્ડ ડ્રાફ્ટ સ્વીકારીએ છીએ. રજીસ્ટ્રેશન ચાલુ વર્ષનું બેન્ક સોલવન્સી સર્ટીફિકેટ ઓનલાઈન રજૂ કરવાનું રહેશે. અર્નેસ્ટ મની ડીપોઝીટ, સોલવન્સી દરેક કામના ટેન્ડર ડૉક્યુમેન્ટમાં દર્શાવ્યા મુજબ રહેશે. વધુ વિગત માટે ઉપર દર્શાવ્યા મુજબની વેબસાઈટ જોવી.

માહિતી/૧૮૫૪/૧૩-૧૪

LIC મેળવો

૩૧ ડિસેમ્બર સુધી જ
રૂ. ૧,૦૦,૦૦૦ પેન્શન આજીવન
ભરો રૂ. ૭,૫૦૦ માસિક
ફક્ત ૧૩ વર્ષ માટેનો યુનીક,
નો માર્કેટ રિસ્ક
જય વસાવડા
૯૯૨૫૦ ૦૪૬૬૯

ટચૂકડી જાહેર ખબર

પ્લોટ અને ફ્લેટ વેચવાના છે
ઘ-૬ કોર્નર, સે.૨૮માં ૨૩૫ વારનો પ્લોટ તથા સે.૪ડીમાં ગ્રાઉન્ડ ફ્લોરના ફ્લેટ તથા સે.૫સીમાં ફ્લેટ
સંપર્ક : ૯૮૨૫૮ ૦૫૧૪૧
સવારે : ૮ થી ૬

મકાન વેચવાનું છે
ગાંધીનગર પાસે પેથાપુર ગામમાં મુખ્ય રસ્તા ઉપર પાંચ દુકાન સાથેનું બે માળનું મકાન વેચવાનું છે.
સંપર્ક
મો. : ૯૦૯૯૯ ૨૮૦૯૮

ભાડે જોઈએ છે
એક વિદ્યાર્થીની માટે સેપરેટ રૂમ ભાડે જોઈએ છે.
સંપર્ક : ૯૪૨૮૩ ૪૫૯૪૦

જગ્યા વેચવાની છે
સેક્ટર નં. ૩૦, મેઈન શોપીંગ, સી-૫ દુકાનની ઉપરની બધી જગ્યા દસ્તાવેજ કરવામાં આવશે. જગ્યા રૂબરૂ જોયા પછી સ્થળ ઉપર વધુ વાતચીત
સંપર્ક : વાય. ડી. વિજાપુરા
ફોન : ૯૬૬૨૩ ૫૮૪૪૦

બંગલો વેચવાનો છે
● સરગાસણ પ્રમુખનગરમાં બંગલો વેચવાનો છે.
● સે. ૨માં ૩૪૪ વાર બાંધકામનો બંગલો વેચવાનો છે.
દલાલો માફ
મો. નં. ૯૯૧૩૮ ૫૬૯૩૬
મો. નં. ૯૯૮૯૦ ૪૧૨૦૧